REF-IT/85/2012 ORDER

**IN THE INDUSTRIAL TRIBUNAL AT BHAVNAGAR**
**1**

**REFERENCE (I.T.) NO. 85 OF 2012.**

**Petitioner**:

**1.** MAZDUR KALYAN SANGH, AMIT CHAUHAN
RUVAPARI ROAD
NEAR VELO INDUSTRIES
BHAVNAGAR
GUJARAT

**VERSUS**

**Respondent**:

**1.** CHIEF EXICUTIVE OFFICER, G.M.T.B.
G.M.T.B.
GANDHINAGAR
GUJARAT

**2.** PORT OFFICER, G.M.T.B.
G.M.T.B.
NAVA BANDAR,
GANDHINAGAR
GUJARAT

**3.** SAGAR STIVIDOS PVT LTD
CONTRACTOR OF THE G.M.T.B.
NAVA BANDAR,
BHAVNAGAR
GUJARAT

**Appearance:**
No Advocate For Petitioner
S.C.DESAI For Respondent 1, 2

P.P.PATEL For Respondent 3

**ORDER**

**રેફરન્સ આઈ.ટી. નં. ૮૫/૨૦૧૨**

**આંક-૩૨ અને ૩૪ ની પ્રાથમિક મુદ્દાની અરજી બાબત હુકમ**

૧. બીજા પક્ષકાર મઝદૂર અધિકાર સંઘ કે જેને હવે પછી 'મંડળ' અને પ્રથમ પક્ષકાર નં.૧ ઉપાધ્યક્ષ અને મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મેરીટાઇમ બોર્ડ, પ્રથમ પક્ષકાર નં. ૨ પોર્ટ ઓફિસર, ગુજરાત મેરીટાઇમ બોર્ડ, પ્રથમ પક્ષકાર નં. ૩ સાગર સ્ટીવ ડોર્સ પ્રા.લિ. કે જેને હવે પછી અનુક્રમે સંસ્થા નં. ૧, સંસ્થા નં. ૨ અને સંસ્થા નં. ૩ તરીકે, અને સંબંધિત કામદારો કે જેને હવે પછી 'શ્રમયોગીઓ' તરીકે ઓળખવામાં આવેલ છે.

૨. સંસ્થા નં. ૧ અને સંસ્થા નં. ૨ એ આંક-૩૨ ની પ્રાથમિક મુદ્દાની અરજી કરેલ છે તેની હકીકત છે કે, સંસ્થાએ તેનાં જવાબમાં પ્રાથમિક મુદ્દો ઉઠાવેલ છે. શ્રમયોગીઓએ સંસ્થામાં કયારેય કામ કરેલ હતું નહિ કે છે નહિ. શ્રમયોગીઓ અને સંસ્થા વચ્ચે કયારેય કામદાર-માલિકનો સંબંધ અસ્તિત્વમાં આવેલો હતો નહિ કે છે નહીં. શ્રમયોગીઓ સંસ્થાનાં કામદાર જ ન હોઇ, મંડળ ે માગણીનાં નિવેદનમાં કરેલ માગણીઓને કોઇ પણ રીતે કાનૂની ટેકો મળતો નથી, તેથી રેફરન્સ રદ્દ થવાને પાત્ર છે. શ્રમયોગીઓ મંડળનાં સભ્ય છે કે કેમ ? તેવી કોઇ પણ બાબત જણાવેલ ન હોઇ તથા પુરવાર થઇ શકતી ન હોઇ, તેથી તે કારણોસર માગણીનાં નિવેદનમાં જે કોઇ રજૂઆતો કરેલ છે તેને કોઇ કાનૂની તેમજ હકીકતોનો કોઇ પણ પ્રકારે ટેકો મળતો ન હોઇ રેફરન્સ રદ્દ થવાને પાત્ર છે. આ બંને પ્રાથમિક મુદ્દાઓ આ વિવાદનાં મૂળને સ્પર્શતાં હોઇ સૌપ્રથમ પ્રાથમિક મુદ્દાઓ તરીકે નિર્ણય કરવા વિનંતી કરેલ છે.

૩. સંસ્થા નં. ૩ એ આંક-૩૪ ની પ્રાથમિક મુદ્દાની અરજી કરેલ છે. તેની હકીકત છે કે, સંસ્થાએ તેનો જવાબ રજૂ કરેલ છે, તેમાં સંસ્થા અને શ્રમયોગીઓ વચ્ચે માલિક-નોકરનાં સંબંધો ઉપસ્થિત થયેલ ન હોઇ કોઇ પણ પ્રકારનો કામનો કરાર થયેલ ન હોઇ રેફરન્સ ચાલી શકે તેમ નથી. મંડળે આ ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરેલ છે તે મંડળ કામદારોનું પ્રતિનિધિત્વ ધરાવતું હોવાનું જણાવેલ છે તેવા કામદારો સાથે નોકર-માલિકનાં સંબંધો સંસ્થાને ન હોઇ માગણીઓ કાયદેસર ટકી શકે તેમ નથી. આ પ્રાથમિક મુદ્દાનો પ્રથમ નિર્ણય કરવામાં આવે તો, ના. કોર્ટનો તથા તમામ પક્ષકારોનો કીમતિ સમય બચી શકે તેમ છે, અને ન્યાયનો હેતુ જળવાઇ રહે તેમ છે. આમ, પ્રાથમિક મુદ્દાનો પ્રથમ નિર્ણય કરવા વિનંતી કરેલ છે.

૪. મંડળે આંક-૩૫ થી બંને પ્રાથમિક મુદ્દાઓની અરજીઓનો જવાબ રજૂ કરેલ છે. અરજીની હકીકતોનો ઇન્કાર કરેલ છે અને જણાવેલ છે કે, સંસ્થા નં. ૧ થી ૩ ને આ તબકકે આવી અરજીઓ કરવાની કોઇ સત્તા કે અધિકાર નથી. શ્રમયોગીઓની વિવિધ માગણીઓ સંસ્થા નં. ૧ થી ૩ નાએ મંજૂર નહિ કરતાં, આ વિવાદ ન્યાયનિર્ણયાર્થે સુપ્રત થયેલ છે. આ વિવાદ સુપ્રત થયા બાદ ઘણાં લાંબા સમય બાદ સ્પે.સી.એ.નં. ૧૫૬૭૧/૨૦૧૨ નાં કામે ના. હાઇકોર્ટે એક વર્ષમાં આ કામ ચલાવી લેવા આદેશ આપેલ હોવાથી સંસ્થા નં. ૧ થી ૩ નાએ તેનો જવાબ રજૂ કરેલ ત્યાર બાદ સંસ્થા

નં. ૧ થી ૩ નાં કબજામાં રહેલ દસ્તાવેજી પુરાવા રજૂ કરાવવા પ્રોડકશન અરજી કરેલ, તેમાં સંસ્થા નં. ૧ થી ૩ નાએ જવાબ પણ રજૂ કરેલ, ત્યાર બાદ સંસ્થા નં. ૧ થી ૩ ને તેનાં વિરુધ્ધ હુકમ થાય તેવું લાગતાં બદઈરાદે આ કામને વિલંબમાં નાંખવા માટે થઈને આ પ્રાથમિક મુદ્દાની અરજીઓ આપેલ છે, તે સિવાય અન્ય કોઇ કારણ નથી. આ વિવાદ બંને પક્ષકારોનાં પુરાવા લઈને નકકી કરવો જોઇએ. નોકર–માલિકનાં સંબંધો છે કે કેમ ? તે બાબત નકકી કરવાની રહેતી નથી. રેફરન્સ થવા બાબતે જે તે સમયે પક્ષકારને વાંધો તકરાર હોય તો ઉપલી અદાલતમાં પડકારવો જોઇએ, પરંતુ તે નહિ પડકારીને પ્રાથમિક મુદ્દા અંગે વાંધા અરજી આપી, માલિક–નોકરનો સંબંધ ન હોય તેવી રજૂઆત સંસ્થા નં. ૧ થી ૩ એ કરી છે તે વાજબી કે ન્યાયી નથી અને તે આ અદાલતનાં કાર્યક્ષેત્રમાં ન્યાયનિર્ણય માટે જે વિવાદ સુપ્રત થયેલ છે તેનો જ ન્યાયનિર્ણય કરવાનો છે. ના. સર્વોચ્ચ અદાલતે ડી.પી.મહેશ્વરી વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેટીવ ઓફિસર અને બીજાઓનાં ચુકાદામાં ઠરાવ્યું છે કે, અદાલતોએ પ્રાથમિક મુદ્દાઓની અરજીઓમાં બને ત્યાં સુધી વચ્ચે પડવું નહીં. આવી પ્રાથમિક મુદ્દાઓની અરજીઓમાં સમય વેડફાય છે અને મૂળ કેસનો ન્યાયનિર્ણય કરવામાં વિલંબ થાય છે તેથી પ્ર ાથમિક મુદ્દાઓની અરજીઓનો નિર્ણય અંતિમ ચુકાદા વખતે પણ લઈ શકાય. ના. બોમ્બે હાઇકોર્ટે ઉષા સેલ્સ વિ. માલકોલ ગોમ્સ અને બીજાઓનાં કેસમાં ઠરાવ્યું છે કે, એક કાયદા અને બીજા કાયદાની હકુમતનો પ્રશ્ન સમાયેલ હોય, આથી પુરાવા વગર ન્યાયનિર્ણય થઇ શકે નહીં. બંને ચુકાદાને ધ્યાને લઈ સંસ્થા નં. ૧ થી ૩ ની પ્રાથમિક મુદ્દાની અરજી રદ્દ કરવા વિનંતી કરેલ છે.

૫. સંસ્થા નં. ૧ અને ૨ તરફે શ્રી જે.એન. મહેતા અને સંસ્થા નં. ૩ તરફે શ્રી બી.એમ.જોષી અને મંડળ તરફે શ્રી અમિતભાઈ ચૌહાણને સાંભળ્યાં. આ કામનું તમામ રેકર્ડ વંચાણે લીધેલ છે.

૬. સંસ્થા નં. ૧ થી ૩ એ પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરી જણાવેલ છે કે, શ્રમયોગીઓ તેઓનાં કામદાર નથી, શ્રમયોગીઓ અને તેઓની વચ્ચે કયારેય નોકર–માલિકનાં સંબંધો ઉપસ્થિત થયેલ નહીં કે છે નહીં. મંડળે સદરહુ શ્રમયોગીઓ માટે આ ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરેલ છે તે તમામ શ્રમયોગીઓ મંડળનાં સભ્ય છે કે કેમ ? તેવું પુરવાર કરેલ ન હોઇ તેથી મંડળને આ વિવાદ ઉપસ્થિત કરવા કોઇ જ અધિકાર ન હોઇ તે બંને પ્રાથમિક મુદ્દા સબબ જ આ વિવાદ ચાલવાપાત્ર ન હોઈ અને આ બંને પ્રાથમિક મુદ્દાઓ આ વિવાદનાં મૂળને સ્પર્શતાં હોઇ તેનો પ્રથમ નિર્ણય કરવા રજૂઆત કરેલ છે. સંસ્થા નં. ૧ થી ૩ નાંએ ઉપસ્થિત કરેલ પ્રાથમિક મુદ્દામાં શ્રમયોગીઓ મંડળનાં સભ્ય છે કે કેમ ? અને પ્રતિનિધિત્વ ધરાવતું મંડળ છે કે કેમ ? તે બાબત મદદનીશ શ્રમ આયુકત સમક્ષ ચાલતી સમાધાન કાર્યવાહી બાબતે નિર્ણય કરવાની બાબત છે. શ્રમયોગીઓ મંડળનાં સભ્ય છે કે કેમ ? મંડળ પ્રતિનિધિત્વ ધરાવતું મંડળ છે કે કેમ ? મંડળની સભ્યસંખ્યા વગેરે તમામ બાબત સમાધાન કાર્યવાહી મદદનીશ શ્રમ આયુકતશ્રી સમક્ષ, રજૂ કરવાની રહે છે અને ચકાસવાની રહે છે. ત્યાર બાદ સમુચિત સરકાર તરફથી વિવાદ ન્યાયનિર્ણયાર્થે સુપ્રત થયેલ છે. શ્રમયોગીઓ મંડળનાં સભ્ય ન હોય કે મંડળ પ્રતિનિધિત્વ ધરાવતું મંડળ ન હોય તેમ છતાં, સમાધાન અધિકારીશ્રીએ આ વિવાદ અત્રે ન્યાયનિર્ણયાર્થ સુપ્રત કરેલ હોય તો, તેને ના. હાઇકોર્ટમાં પડકારી શકાય છે. સમાધાન કાર્યવાહીની યોગ્યતા કે અયોગ્યતા બાબતે અત્રે ન્યાયનિર્ણય કરવાની કોઇ જ હકૂમત નથી. તેથી સંસ્થા નં. ૧ થી ૩ નાએ ઉપસ્થિત કરેલ સદરહુ પ્રાથમિક મુદ્દો ગ્રાહ્ય રાખવા યોગ્ય નથી તેવા તારણ ઉપર હું આવું છું.

૭. શ્રમયોગીઓ અને સંસ્થા નં. ૧ થી ૩ નાં વચ્ચે નોકર–માલિકનાં સંબંધો છે કે નહિ ?

હતાં કે નહિ ? તે બાબતે નિર્ણય કરતાં પહેલાં અત્રે ઉપસ્થિત કરેલ માગણીઓ જોવી આવશ્યક જણાય છે, તે જોવામાં આવે તો:

" માગણી નં. ૧ પક્ષકાર નં. ૧ અને પક્ષકાર નં. ૨ ધ્વારા કોન્ટ્રાકટરનાં કોન્ટ્રાકટનો અંત આવે ત્યારે કોન્ટ્રાકટરમાં કામ કરતાં કામદારોનાં હકક હિસ્સા ચૂકવવા માટે કોન્ટ્રાકટરની ડીપોઝીટ થયેલ રકમમાંથી કપાત કરી ચૂકવવાની જવાબદારી રહેશે કે કેમ ?

માગણી નં.૨ : કોન્ટ્રાકટરનાં કર્મચારીઓમાંથી કોઇ ગુજરી જાય અથવા કામગીરી કરવા અસમર્થ હોય અથવા કોઇ પણ કારણસર કામે આવતાં બંધ થાય તો તેવા કર્મચારીઓને કાયમી કર્મચારીઓને મળતાં ધારાધોરણ મુજબ હકક હિસ્સા ચૂકવવા કે કેમ ?

માગણી નં. ૩ : કોન્ટ્રાકટર આધુનિક મશીનનો ઉપયોગ કરે તો આ કર્મચારીઓને વર્ષનાં ઓછામાં ઓછા ૨૪૦ દિવસનું કામ આપવું જોઈએ કે કેમ ? અને જો તે મુજબ કામ આપવામાં ન આવે તો બાકીનાં દિવસોનું વળતર ચૂકવવું જોઈએ કે કેમ ?

માગણી નં. ૬ : પક્ષકાર નં. ૧, ૨ અને કોન્ટ્રાકટરને ત્યાં કામ કરતાં મુકાદૃમને દૈનિક પગાર રૂા. ૩૦૦/ તથા મજૂરોનાં દૈનિક રૂા. ૨૫૦/ ચૂકવવા કે કેમ ?

માગણી નં. ૭ : કોન્ટ્રાકટર ધ્વારા આધુનિક મશીનનો ઉપયોગ કરી અન્ય વ્યકિતઓ ધ્વારા કામગીરી લેવામાં આવે છે તો તેની જગ્યા ઉપર આ જ કર્મચારીઓને ટ્રેનીંગ આપી તેઓનાં મારફત કામગીરી લેવી કે કેમ ?

માગણી નં. ૮ : કોન્ટ્રાકટર ધ્વારા આ કર્મચારીઓને માસિક રૂા. ૨૦૦૦/ નો ઉપાડ આપવો કે કેમ ?

માગણી નં. ૯ : કોન્ટ્રાકટર ધ્વારા આ કર્મચારીઓને લગ્નપ્રસંગે તથા વ્યવહારીક પ્રસંગે રૂા. ૧૦,૦૦૦/ ની લોન આપવી કે કેમ ?

માગણી નં. ૧૩ : કોન્ટ્રાકટર ધ્વારા બંદર ખાતે આવેલ માલ સામાન પહોંચાડવાની કામગીરી અન્ય પાર્ટીને આપવામાં આવે છે તેની જગ્યાએ આ કામગીરી આ જ કર્મચારીઓનાં ચાલતા ભાવનગર નવા બંદર ગોદી કામદાર મજૂર સહકારી મંડળીને આપવું કે કેમ ? "

૮. ઉપરોકત માગણીઓની હકીકતો ધ્યાને લેતાં, કોન્ટ્રાકટર સામે માગણીઓ કરેલ હોવાનું જણાય છે. માગણી નં. ૬ સંસ્થા નં. ૧ થી ૩ સામે સ્પષ્ટપણે કરેલ છે. મંડળે તેનાં માગણીનાં નિવેદનમાં સંસ્થા નં. ૧ અને ૨ એ સંસ્થા નં.૨ ની હદમાં આવતા શીપોમાંથી માલનું લોડીંગ અને અનલોડીંગ, સંસ્થા નં. ૩ નાં કર્મચારી કોન્ટ્રાકટ મારફતે સંસ્થા નં. ૧ અને ૨ ની સૂચનાઓ મુજબ સંસ્થા નં. ૩ નાં ધ્વારા મુકાદૃમો, મજૂરો વગેરે પાસેથી સતત અને સળંગ કામગીરી લેવામાં આવે છે. આમ, મંડળે ઉપસ્થિત કરેલ માગણીઓ અને માગણીનાં નિવેદનની હકીકતો ધ્યાને લેતાં, શ્રમયોગીઓ સંસ્થા નં. ૧ થી ૩ નાંમાંથી કોનાં કામદાર છે, તે કાયદા અને હકીકતનો મિશ્રિત મુદૃો છે. ઉપસ્થિત કરેલ પ્રાથમીક મુદૃો એ આ વિવાદના મૂળને સ્પર્શતો હોઇ, તમામ પક્ષકારોનાં દસ્તાવેજી પુરાવા અને મૌખિક પુરાવા અને ગુણદોષ ઉપરની રજૂઆતને ધ્યાને લઇ પ્રથમ તબકકે નિર્ણય થાય

ત્યાર બાદ જ આ વિવાદનો આખરી નિર્ણય થઇ શકે તેમ છે. મંડળ તરફે ડી.પી.મહેશ્વરીનો ચુકાદો રજૂ થયેલ છે. ચુકાદાની હકીકત આ કામની હકીકત સાથે સુસંગત નથી, કારણ કે, તેમાં કલમ–૨(એસ) મુજબ 'કામદાર' હતાં કે કેમ ? તેવો મુદ્દો હતો અને તેમાં એક જ સંસ્થા હતી. નોકરીમાંથી ગેરકાયદેસર છૂટા કર્યાની બાબત હતી. તેમાં તે સંસ્થાએ વર્કમેનનો વિવાદ ઉપસ્થિત કરેલ. બીજો ચુકાદો ઉષા સ ેલ્સ લિ. નો મંડળે રજૂ કરેલ છે તેમાં કોર્ટની હકૂમત બાબતનો વિવાદ હતો તેવો મુદ્દો પ્રાથમિક મુદ્દા તરીકે નિર્ણય કરવો કે કેમ તે અદાલતની વિવેકાધિન બાબત છે. કોઇ પણ મુદ્દાને પ્રાથમિક મુદ્દા તરીકે પ્રથમ નિર્ણય કરવો તેવી ફરજ પાડી શકાય નહીં. સદરહુ બંને ચુકાદાઓની હકીકતો આ કામની હકીકતો સાથે સુસંગત નથી. અત્રે મંડળે વિવિધ માગણીઓ ઉપસ્થિત કરેલ છે. તે માગણીઓ શ્રમયોગીઓને ચોકકસ પ્રકારનાં હકક–હિસ્સા, લાભો, આપવાની બાબત છે. તેમજ સંસ્થાઓને ચોકકસ પ્રકારની કાર્યવાહી કરવા ફરજો પાડવા બાબતની માગણીઓ છે. ત્યારે શ્રમયોગીઓ કઇ સંસ્થાનાં કામદાર હતાં કે છે ? તે સૌપ્રથમ નિર્ણય થાય ત્યાર બાદ જ ઉપસ્થિત કરેલ માગણીઓનો યોગ્ય, વાજબી અને ન્યાયી ન્યાયનિર્ણય થઇ શકે તેમ છે તેવું મારું નમ્ર પણે માનવું છે.

૯. ઉપરોકત તમામ વિગતો ઘ્યાને લેતાં નીચે મુજબનો અવાંતર હુકમ કરવામાં આવે છે :–

**: હુકમ :**

૧. સંસ્થા નં. ૧ અને ૨ ની આંક–૩૨ ની અને સંસ્થા નં. ૩ ની આંક–૩૪ ની અરજી અંશત: ગ્રાહય રાખવામાં આવે છે.

૨. શ્રમયોગીઓ અને સંસ્થા નં. ૧ થી ૩ નાં વચ્ચે નોકર–માલિકનો સંબંધ છે કે કેમ ? તે અંગેનો પ્રાથમીક મુદ્દા તરીકે સૌપ્રથમ નિર્ણય કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૩. સંસ્થા નં. ૧ થી ૩ નાએ મંડળને આ વિવાદ ઉપસ્થિત કરવાનો કાનૂની હકક ન હોવાનો પ્રાથમિક મુદ્દો આથી રદ્દ કરવામાં આવે છે.

૪. આ કામની હવે પછીની સુનાવણી આગામી તા. ૪–૧–૨૦૧૪ ના રોજ હાથ ધરવામાં આવશે.

ભાવનગર. **(કુ.એસ.વી.રાજવીર)**

તા. ૨–૧૨–૨૦૧૩. ઔઘોગિક ન્યાયપંચ, ગુજરાત,

ભાવનગર.

**જજ કોડ નં. જીજે૦૦૭૫.**